# કલમ–૪(૧)ખ(૫)

## કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા પોતાના નિયંત્રણ હેઠળના અથવા પોતાના કર્મચારીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમ સંગ્રહો અને રેકર્ડ :–

(૧) માસિક સાધારણ સભાના ઠરાવ નં.૩૨૬/૨૦૦૮ તા.૨૩/૪/૦૮ થી શહેર વિસ્તારમાં આવેલ રસ્તા પર ગેસલાઈન, ઓ.એફ.સી. કેબલ નાંખવા માટેના રીસ્ટોરેશન ચાર્જ અને વાર્ષિક ભાડુ વસુલ લેવા માટે ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક : નપલ/૧૦૦૭/૨૦૨૫/મ મુજબ અમલ કરવા ઠરાવવામાં આવેલ.

(૨) માસિક સાધારણ સભાના ઠરાવ નં.૨૬૮/૨૦૧૩ તા.૨૬/૩/૧૩ થી શહેર વિસ્તારમાં હોરીઝોન્ટલ ડાયરેકટ ડ્રીલીંગ (H.D.D.) પધ્ધતિથી ટ્રેન્ચ બનાવી કેબલ નાંખવા અને પોલ ઉભા કરી વાયરલેસ બ્રોડ બેન્ડ સર્વિસીસ (4G ટેલિકોમ સર્વિસીસ) પુરી પાડનાર કંપનીઓ માટે ચાર્જીસ અને વાર્ષિક ફી નક્કી કરવા બાબતના ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૩/૧૦/૧૨ ના ઠરાવ નં.નપલ/૪૫૧૨–૩૪૩૮–મ તથા તા.૨૨/૧૨/૧૨ ના સમાનાંકી સુધારા ઠરાવોના અમલીકરણ.

(૩) સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૫૭૨/૨૦૧૩ તા.૫/૭/૧૩ થી વાયરલેસ બ્રોડ બેન્ડ સર્વિસીસ (4G ટેલિકોન સર્વિસીસ) ના કામ સારૂ એજન્સીઓને મહાનગરપાલિકાની બાંધકામવાળી મિલ્કત/ખુલ્લા પ્લોટ/જમીન ફાળવવાનું તથા આ ફાળવણી માટેના લોકેશન, માપ વિસ્તાર, સાઈઝ, મુદત, ભાડુ, પ્રિમિયમ, શરતો પધ્ધતિ વિગેરે બાબતે નિર્ણય લેવા અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ તથા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવામાં આવ્યું.